# સ્લો સાઇકલ સ્પર્ધા

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે 30/12/2024 ને સોમવારના રોજ “સ્લો સાઇકલ સ્પર્ધા”નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આશરે 70 જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાયકલ એ માનવની પ્રગતિના પ્રતિક તરીકે સહનશીલતા,પરસ્પર સમજણ અને આદરને પ્રોત્સાહન આપતું પ્રતીક મનાય છે કે જે સામાજિક સમાવેશ અને શાંતિની સંસ્કૃતિને ઉત્તેજન આપે છે. સાયકલ ટકાઉ પરિવહનનું પ્રતીક છે અને ટકાઉ વપરાશ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સકારાત્મક સંદેશ આપે છે તેમજ હવામાન પર સકારાત્મક અસર પાડે છે. નિયમિત સાયકલ સવારી ફેફસા મજબૂત બનાવે છે અને ઇમ્યુનિટી વધારે છે.2018નાં વર્ષથી 3 જૂનને વિશ્વ સાયકલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સાયકલ જે વિશિષ્ટ દીર્ઘતા અને વૈવિધ્ય ધરાવતું અને બે સદીઓથી ઉપયોગમાં રહેલું સરળ,સસ્તું,વિશ્વસનીય,સ્વચ્છ અને પર્યાવરણ યોગ્ય ટકાઉ પરિવહન માધ્યમ છે. આ વિશે વિદ્યાર્થીઓ જાણે અને તેમનામાં રહેલી આંતરીક શક્તિઓને બહાર લાવી પોતાની પ્રતિભા બનાવી શકે તે હેતુસર કિસાન માધ્યમિક વિભાગમાં સ્લો સાયકલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્પર્ધામાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તેમજ તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળા મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે.પટેલ, શાળાના આચાર્યશ્રી હિતેશ વાય.પટેલ તેમજ સમગ્ર OKC પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓની યાદી:

| ભાઈઓ | | |
|---|---|---|
| ક્રમાંક | વિધાર્થીઓનાં નામ | ધોરણ- વર્ગ |
| 1 | સ્મિત એસ. જોશી | 9-A |
| 2 | રચિત આઈ. પટેલ | 10-C |
| 3 | મીત એમ. તલાર | 11-E |
| બહેનો | | |
| 1 | સુરજબા એસ. ઝાલા | 12-D |
| 2 | ક્રિષ્ના કે. ડાભી | 10-B |
| 3 | ગ્રીષ્મા વાય. વાગડીયા | 11-B |

# કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા

## સ્લો સાયકલ સ્પર્ધા










